૪૩૦૫-૨

GACC, Eve, ABD
Inword No. ૭૦૫
Branch No. શ્રી એમ.જોષી
Date : 8/2/16

ક્રમાંક : કવટ/આઇએસસી-૮/ડેટાબેઝ/૨૦૧૬

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નં.૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

તા.૦૫.૦૨.૨૦૧૬

કચેરી આદેશ :

રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોની સંખ્યા ૩૫૬ જેટલી છે. જ્યારે અંદાજે ૫૫૦૦ જેટલાં શૈક્ષણિક અને ૨૫૦૦ જેટલાં કર્મચારીઓ છે. યુજીસીનાં ધોરણો તથા સરકારશ્રીના જે તે વખતનાં ઠરાવ અનુસાર, કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓની કામગીરી વર્કલોડ આધારિત હોય છે તેમજ, તમામ કોલેજોના વર્કલોડની પ્રતિવર્ષ ચકાસણી કરવી જરૂરી છે. આથી બિનસરકારી અનુદાનિત કોલેજોમાં વર્કલોડ માટે NIC દ્વારા કાયમી ધોરણે સોફ્ટવેર તૈયાર કરાવી કાયમી વ્યવસ્થા થઈ શકે જેથી NOC આપવા, ફાજલ કરવા, રિકોલ કરવા, અધ્યાપક સહાયકને પુરા પગારમાં સમાવવા વગેરે જેવાં કાર્યો સત્વરે અને સમય મર્યાદામાં કરી શકાય તે માટે નીચેના કર્મચારીઓની સમિતિની રચના કરવામાં આવે છે.

(૧) શ્રી બી.એન. યાજ્ઞિક, ઈનચાર્જ આચાર્ય, કે.કા. શાસ્ત્રી કોલેજ.

(૨) શ્રી એસ.બી. ભાવસાર, ઈનચાર્જ આચાર્ય, સરકારી આર્ટસ કોલેજ, બાયડ.

(૩) શ્રી એચ. જે. પટેલ, આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત કોમર્સ કોલેજ(ઈવનીંગ) અમદાવાદ, અને કોઓર્ડીનેટર સંધાન.

(૪) શ્રી રાજેશ મોઢ, આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ.

(૫) શ્રી સી. આર. કોટવાલ, સુપ્રિટેન્ડેન્ટ, કોલેજ વહીવટ શાખા.

(૬) શ્રી આર. એન. જાડેજા, ઓડિટર ગ્રુપ-૧, કોલેજ વહીવટ શાખા.

આ સમિતિ દ્વારા નીચેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧) અનુદાનિત કોલેજો સંબંધે જે તે સંસ્થા, અનુદાનિત કર્યાની વિગતો, મંજૂર કરેલ ડીવીઝન, કોલેજ સંબંધી વિગતો, શૈક્ષણિક/બિનશૈક્ષાણિક કર્મચારીઓ સંબંધી ડેટા તથા આ કર્મચારીઓની ભરતી, પુરા પગારમાં સમાવવા, ફાજલ,રિકોલ, NOC, પૂર્વ મંજૂરી, વહીવટી મંજૂરી, યુનિવર્સિટી દ્વારા માન્યતા વગેરે અંગે વર્ષવાર ડેટા-બેઈઝ તૈયાર કરાવવા

(૨) કોલેજોના કર્મચારીઓને ડી.પી. યોજના હેઠળ હાલ પગાર ઈન્ડેક્ષ બી મારફતે કરવામાં આવી છે. પરંતુ આ સોફ્ટવેર પણ મર્યાદિત છે, તેનાં આધારે કર્મચારીઓનો વ્યક્તિગત કેસમાં સસ્પેન્શન, પગાર કપાત, રજા વગેરે જેવી સંકલિત માહિતીનો ડેટા-બેઈઝ ઉપલબ્ધ કરાવવો

(3) બિનસરકારી અનુદાનિત કોલેજોનાં શૈક્ષણિક બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવા વિષયક કામગીરી જેમ કે રજા, પગાર, બઢતી, પાસપોર્ટ, સેવાજોડાણ, ડુપ્લીકેટ સેવાપોથી વગેરે અંગેની કામગીરી પણ આ કચેરીની કોલેજ વહીવટ શાખા દ્વારા કરવામાં આવે છે, પરંતુ તે અંગે પર્યાપ્ત ડેટા-બેઈઝ ઉપલબ્ધ કરાવવો

(૪) અધ્યાપકોનાં કેરિયર એડવાન્સમેન્ટ, પાસપોર્ટ માટે NOC અંગેની કામગીરી માટે પણ સોફ્ટવેર તૈયાર કરી, ઓન-લાઈન વિગતો મેળવવા બાબત

(૫) પ્રાઈવેટ યુનિવર્સિટીઓ/પ્રાઈવેટ સેલ્ફ ફાયનાન્સ કોલેજોની સરકારશ્રી કક્ષાએથી જ્યારે મંજૂરી આપવામાં આવે ત્યારથી તેની તમામ કામગીરી અંગે વિગતો ઉપલબ્ધ કરાવવી

(૬) હાલમાં કોલેજો/યુનિવર્સિટીઓની કામગીરી માટે જે રજૂઆતો/ફરીયાદો મળે છે, તેનાં નિવારણ માટે કોઈ મીકેનીઝમ ઉપલબ્ધ કરાવવી

(૭) કચેરીમાં ઈનવર્ડ/આઉટવર્ડ અંગેની વ્યવસ્થામાં અનેક ખામીઓ છે, પરીણામે કચેરી કાર્યક્ષમતાને મોટાં પાયે નુકસાન થાય છે આથી, NIC દ્વારા ડેવલપ કરેલ ઈનવર્ડ/આઉટવર્ડ સોફ્ટવેર બાબત

(૮) કચેરીનાં તમામ કર્મચારીઓ પાસે ઉપલબ્ધ કોમ્યુટર/પ્રિન્ટર વગેરે હાર્ડવેર, તેનો મહત્તમ ઉપયોગ થાય છે કે કેમ તે ચકાસી તથા તેમની તાલીમ અંગેની જરૂર હોય ત્યાં તાલીમની વ્યવસ્થા કરવી.

(૯) કચેરીમાં વહીવટ સુધારણા તથા વહીવટ વધુ કાર્યક્ષમ રીતે થાય તે હેતુથી તમામ મુદ્દાઓનો અભ્યાસ કરી, જરૂર જણાય ત્યાં NIC/ઈન્ડેક્ષ-બી/બાયસેગનો સંપર્ક કરી, જરૂરી સોફ્ટવેર બનાવવા માટે સપષ્ટ ભલામણો આપવી

આમ ઉપર જણાવેલ વિવિધ કામગીરી અંગે સમિતિના સભ્યો દ્વારા તબક્કાવાર અભ્યાસ કરીને નિયત કાર્યવાહી અંગેની રુપરેખા તૈયાર કરવા અંગેનો અહેવાલ દિન-૧૫ માં રજુ કરવાનો રહેશે.

**નોંધ પર માન. આયુકતશ્રીના આદેશાનુસાર**

પ્રતિ,

- શ્રી બી.એન. યાજ્ઞિક, ઈનચાર્જ આચાર્ય, કે.કા. શાસ્ત્રી કોલેજ.
- શ્રી એસ.બી. ભાવસાર, ઈનચાર્જ આચાર્ય, સરકારી આર્ટસ કોલેજ, બાયડ.
- શ્રી એચ. જે. પટેલ, આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત કોમર્સ કોલેજ (ઈવનીંગ) અમદાવાદ
- શ્રી રાજેશ મોઢ, આસી.પ્રોફેસર, ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ.
- શ્રી સી. આર. કોટવાલ, શ્રેયાન અધિક્ષક, કોલેજ વહીવટ શાખા.
- શ્રી આર. એન. જાડેજા, ઓડિટર ગ્રુપ-૧, કોલેજ વહીવટ શાખા.

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ)
ગુ.રા.,ગાંધીનગર

<u>નકલ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારુ રવાના :</u>

- આચાર્યશ્રી, ગુજરાત કોમર્સ કોલેજ (ઈવનીંગ) અમદાવાદ
- આચાર્યશ્રી, ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ